**મે. લીંબડીના એડી. જયુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં.,મુઃ લીંબડી.**
**ફો.કેસ નં:– ૪૫૦/ ૨૦૨૨**
**આંક :– ૬**

શ્રી સરકાર. ::::::::: :::::::::: ફરિયાદી.

વિરૂધ્ધ

હસમુખભાઈ રતુભાઈ મંડોળીયા
લીંબડી, જી.સુરેન્દ્રનગર. :::::::: :::::::::: આરોપી.

ગુન્હો :– એમ.વી.એકટ–૧૮૫ તથા પ્રોહી એકટ કલમ–૬૬(૧)બી મુજબ.

**– : ઠરાવ :–**

(૧) ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી વિરુધ્ધ એમ.વી. એકટ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)બી મુજબના ગુના અન્વયેનું ચાર્જશીટ તપાસના અંતે રજુ થયેલ છે.

(૨) આરોપીને ધોરણસર ની સમન્સની બજવણી થતા આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ જેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવતા આરોપીએ આંક–૩ થી પોતાની સામેનો ગુનાનો આક્ષેપ કબુલ કરતા હોવા બાબતે પુરશીસ રજુ કરેલ જેથી આરોપીને ગુના બાબતે સજાકીય જોગવાઈ તથા ગુનાની કબુલાત કરવા બંધાયેલ ન હોવાનું સમજાવવામાં આવેલ હોવા છતાં આરોપી પોતાનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે અને પોતાની ગુના કબુલાત પુરશીસની હકીકતને વળગી રહે છે.

(૩) હાલના કામે આરોપી સામે એમ.વી.એકટ–૧૮૫ તથા ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)બી મુજબ તહોમતનામું ફરમાવેલ છે. ગુજરાત પ્રોહીબીશન એકટની જોગવાઈઓ ધ્યાને લેતા આરોપી સામે આક્ષેપાયેલ ગુનાની સજાકીય જોગવાઈ ૦૩ વર્ષ સુધીની કરવામાં આવેલ છે. વધુમાં ગુજરાત પ્રોહીબીશન એકટમાં કરવામાં આવેલ સુધારા મુજબ કલમ–૧૧૬ રદ કરવામાં આવેલ છે, જેથી ક્રિ.પ્રો.કોડના સેકન્ડ શીડયુલમાં આપવામાં આવેલ જોગવાઈ લાગુ પડે અને હાલના કામે ગુનાનો કોગ્નીજન્સ પોલસ રીપોર્ટ ઉપરથી લેવામાં આવતા આરોપી પોતાની

ગુના કબુલાતને વળગી રહેતા આરોપી સામે લેખીત તહોમતનામું ફરમાવવામાં આવેલ. જે આરોપીને વાંચી, સંભળાવતા આરોપીએ તહોમતનામાનો પ્લી ધ્વારા સ્વીકાર કરેલ છે, અને ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. જે આરોપીને ગુનાની કબુલાત અંગે તેમજ તેઓની થઈ શકતી સજા અંગે સમજાવવામાં આવેલ છે, આ કામે આરોપી તેઓની સામેના ગુન્હાની સ્વેચ્છાએ કબુલાત કરે છે. આરોપી તેઓની સામેના ગુન્હાની કબુલાત કરી પુરશીસ રજુ કરી જણાવે છે કે, આ તેઓનો પ્રથમ ગુન્હો છે, તેમજ તેઓ ગરીબ માણસ હોય તેમજ કુટુંબ કબીલા વાળા હોઈ અને તેના કુટુંબની દેખભાળ રાખનાર તેઓ એકમાત્ર ઈસમ હોય દયા રાખી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપી જયારે તેઓની સામેનો આક્ષેપ કબુલ છે. આરોપી ધ્વારા રજુ કબુલાત પુરશીસની હકીકત મુજબ આરોપી કુટુંબ કબીલા વાળા છે અને તેઓ કુટુબંના એકમાત્ર કમાનાર ઈસમ છે. તથા તેઓનો આ પ્રથમ ગુન્હો હોવાની આરોપીની સામાજીક તેમજ આર્થીક પરસ્થિતીને ઘ્યાને રાખતા જો આરોપીને કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવશે તો ન્યાયી જણાશે તેમ આ કોર્ટનું માનવું હોય, જે તમામ હકીકતો અને આરોપીનો આ સૌ પ્રથમ ગુનો હોય, ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાના નંબર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી ઠાકોરના ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને અનુસરતા ન્યાયના હિતમાં આરોપી ને ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬(૧)બી મુજબનાં કામે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>– : હુકમ :–</u>**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સાદી કેદની સજા તથા રૂ.૫૦૦/– (અંકે રુપીયા પાંચસો પુરા) દંડની સજા ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

લીબડી.
તા. ૧૨/૧૧/૨૦૨૨

( વિકાસ સિયોલ)
એડીશ્નલ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લીબડી.

**Unique Code No. GJ01357.**